# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

1. **નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ 2025-26 રજૂ કર્યો.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , દેશ હવે સમસ્યાઓથી આગળ વધીને ઉકેલો પર મજબૂતીથી આગળ વધી રહ્યો છે.**
3. **લોકસભામાં કેન્દ્ર સરકારનું નિવેદન , પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ અત્યાર સુધીમાં એક કરોડ 64 લાખથી વધુ મકાન મંજૂર કરાયા.**
4. **મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર.**
5. **ક્રિકેટની મહિલા પ્રીમિયર લીગમાં આજે રોયલ ચેલેન્જર બેંગલુરુ અને યુપી વોરિયર્સ વચ્ચે મેચ રમાશે.**

,.........................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# DAY-NIRMALA-ECONOMIC SURVEY

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ 2025-26 રજૂ કર્યો. આ દસ્તાવેજ મુખ્ય આર્થિક સલાહકારના માર્ગદર્શન હેઠળ નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે. આર્થિક સર્વેક્ષણ દેશની વર્તમાન આર્થિક સ્થિતિ અને ભવિષ્યના દૃષ્ટિકોણની વ્યાપક સમીક્ષા છે.

બાદમાં, ગૃહ પહેલી ફેબ્રુઆરી સુધી મુલતવી રાખવામાં આવ્યું , જેમાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# REV. PAR-PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશ હવે લાંબા ગાળાની પડતર સમસ્યાઓથી આગળ વધીને લાંબા ગાળાના ઉકેલો પર મજબૂતીથી આગળ વધી રહ્યો છે.

સંસદના અંદાજપત્ર સત્રના બીજા દિવસે આજે નવી દિલ્હીમાં સંસદ ભવન સંકુલમાં મીડિયાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે , સરકારે કલ્યાણકારી યોજનાઓના છેવાડા સુધી પહોંચાડવા પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે , આગામી 25 વર્ષ , 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મહત્વપૂર્ણ રહેશે.

## (બાઇટ : PM--VB-2047-BUDGET)

તેમણે કહ્યું કે , ગઈકાલે સંસદના બંને ગૃહોને રાષ્ટ્રપતિનું સંબોધન દેશના 140 કરોડ લોકોના વિશ્વાસની અભિવ્યક્તિ હતી.

## (બાઇટ : PM-ON-PREZ--ADD-140CR)

ભારત-**EU** મુક્ત વેપાર કરાર- **FTA** અંગે, પ્રધાનમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ એક આત્મવિશ્વાસપૂર્ણ, સ્પર્ધાત્મક અને ઉત્પાદક ભારતની દિશામાં એક મોટું પગલું છે.

## (બાઇટ : PM-MODI-FTA)

શ્રી મોદીએ કહ્યું કે , દેશ આગળ વધી રહ્યો છે ત્યારે આ સમય વિક્ષેપ નહીં , પરંતુ ઉકેલનો છે. તેમણે દરેકને દેશના વિકાસ માટે રચનાત્મક રીતે કાર્ય કરવા વિનંતી કરી.

. . . . . . . . . . . . . . . . . . .

# PM-BEATING RETREAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે સાંજે યોજાનાર બીટિંગ રીટ્રીટ સમારોહ પ્રજાસત્તાક દિવસની ઉજવણીના સમાપનનું પ્રતીક છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ ઉમેર્યું હતું કે સમારોહ દરમિયાન , ભારતના સમૃદ્ધ લશ્કરી વારસાની તાકાત પ્રદર્શિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે સમગ્ર દેશને સશસ્ત્ર દળો પર ગર્વ છે જેઓ દેશની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# RAJNATH- BEATING RETREAT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે જણાવ્યું કે બીટિંગ રીટ્રીટ સમારોહ એક ગૌરવપૂર્ણ અને ગૌરવપૂર્ણ પરંપરા છે જેનાથી પ્રજાસત્તાક દિવસની પૂર્ણ થાય છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી સિંઘે કહ્યું કે , આ સમારોહ સશસ્ત્ર દળોની શિસ્ત, એકતા અને નૈતિકતાને પ્રતિબિંબિત કરે છે. મંત્રીએ વધુમાં કહ્યું કે વિજય ચોકની ભવ્યતા સામે આ સમારોહ રાષ્ટ્રીય ગૌરવ અને લશ્કરી વારસાના પ્રતીક તરીકે ઉભો છે.

. . . . . . . . . . . . . . . . . . .

# LS-HOUSING

કેન્દ્ર સરકારે કહ્યું , પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ શરૂઆતથી અત્યાર સુધીમાં એક કરોડ 64 લાખથી વધુ ઘરોને મંજૂરી આપવામાં આવી છે. કેન્દ્રીય ગૃહનિર્માણ અને શહેરી બાબતોના રાજ્યમંત્રી તોખન સાહુએ આજે લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતાં આ વાત કહી હતી.

તેમણે જણાવ્યું, કુલ મંજૂર થયેલા મકાનોમાંથી 98 લાખથી વધુ મકાનો પૂર્ણ થઈ ગયા છે અને લાભાર્થીઓને સોંપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, બે લાખ કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાયથી એક કરોડથી વધુ લોકોએ આ યોજનાનો લાભ લીધો છે.

તેમણે ઉમેર્યું , લઘુમતી સમુદાયોના લોકોને 22 લાખથી વધુ મકાનો , અનુસૂચિત જનજાતિ અને અનુસૂચિત જાતિને 24 લાખ મકાનો અને ઓબીસીને 42 લાખ મકાનો મંજૂર કરાયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# AMIT SHAH-ASSAM VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે બે દિવસની આસામના પ્રવાસે જશે અને ડિબ્રુગઢમાં રાત્રિ રોકાણ કરશે. આવતીકાલે , કેન્દ્રીય મંત્રી ડિબ્રુગઢમાં આસામ વિધાનસભાના બીજા સંકુલ , ધારાસભ્ય નિવાસ અને વન્યજીવન આરોગ્ય અને સંશોધન સંસ્થાનો શિલાન્યાસ કરશે.

શ્રી શાહ ડિબ્રુગઢમાં અત્યાધુનિક , 35 હજાર ક્ષમતાવાળા સ્ટેડિયમના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન પણ કરશે અને સ્ટેડિયમના બીજા તબક્કાનો શિલાન્યાસ કરશે. ત્યારબાદ, તેઓ ગુવાહાટીમાં રાજ્ય ભાજપ મુખ્યાલય ખાતે પક્ષના સભ્યો સાથે ચર્ચા કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# MAHA-AJIT PAWAR

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અંતિમ સંસ્કાર આજે બારામતીમાં સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે કરવામાં આવ્યા.

કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ અને નીતિન ગડકરી , મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે , ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત , ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નવીન, એનસીપી (એસપી) સુપ્રીમો શરદ પવાર, અજિત પવારના પત્ની અને સાંસદ સુનેત્રા પવાર , પુત્રો પાર્થ અને જય પવાર અને એનસીપી (એસપી) સાંસદ સુપ્રિયા સુલે અને પક્ષના અન્ય મહાનુભાવો વિદ્યા પ્રતિષ્ઠાન મેદાનમાં હાજર રહ્યા.

મહારાષ્ટ્રના દાદાના પાર્થિવ દેહને ત્રિરંગામાં લપેટવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . .

# AJIT PAWAR PLANE BLACK BOX

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે આજે માહિતી આપી હતી કે મહારાષ્ટ્રના બારામતીમાં નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને અન્ય ચાર લોકોના મૃત્યુમાં પરિણમેલા દુર્ઘટનાગ્રસ્ત વિમાનનું બ્લેક બોક્સ મળી આવ્યું છે. મંત્રાલયે માહિતી આપી હતી કે દુર્ભાગ્યપૂર્ણ વિમાન અકસ્માત બાદ તાત્કાલિક તમામ જરૂરી પ્રતિભાવ અને તપાસ હાથ ધરવામાં આવી હતી.

તેમાં ઉમેર્યું હતું કે દિલ્હીમાં એરક્રાફ્ટ અકસ્માત તપાસ સંસ્થાના ત્રણ અધિકારીઓની એક ટીમ અને **DGCA,** મુંબઈ પ્રાદેશિક કાર્યાલયના ત્રણ અધિકારીઓની એક ટીમ ગઈકાલે ઘટનાસ્થળ પર પહોંચી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે તપાસ ઝડપથી આગળ વધી રહી છે અને સંપૂર્ણ , પારદર્શક અને સમયબદ્ધ તપાસ ટોચની પ્રાથમિકતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# EC-WB-OBSERVER

ચૂંટણી પંચે પાંચ રાજ્યો - પશ્ચિમ બંગાળ , આસામ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં આગામી ચૂંટણીઓ માટે કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂક કરી છે.

પ્રકાશિત યાદીમાં પશ્ચિમ બંગાળના કુલ 25 વરિષ્ઠ અધિકારીઓના નામ આપવામાં આવ્યા છે. તેમાં ગૃહ સચિવ જગદીશ પ્રસાદ મીણા સહિત 15 **IAS** અધિકારીઓ અને 10 **IPS** અધિકારીઓનો સમાવેશ થાય છે. આ યાદીમાં હાવડા અને આસનસોલના પોલીસ કમિશનરોનો પણ સમાવેશ થાય છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે , તેણે પશ્ચિમ બંગાળ સરકારને ઓછામાં ઓછા પાંચ વખત કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂક માટે અધિકારીઓની યાદી આપવા વિનંતી કરી હતી. નિર્ધારિત સમયમાં કોઈ જવાબ ન મળતાં , પંચે પોતાની રીતે યાદીને અંતિમ સ્વરૂપ આપીને પ્રકાશિત કરી.

. . . . . . . . . . . . . . . . . . . . .

# SIR-WEST BENGAL

નિર્ધારિત સમયમર્યાદામાં SIR સુનાવણી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે, ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળને દરરોજ 7 થી 8 લાખ મતદારો માટે સુનાવણી હાથ ધરવાનો નિર્દેશ આપ્યો છે. તે મુજબ, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય તરફથી જિલ્લા ચૂંટણી અધિકારીઓ તેમજ સુનાવણીમાં સામેલ અધિકારીઓ અને કર્મચારીઓને સૂચનાઓ જારી કરવામાં આવી છે.

સમયપત્રક મુજબ, આ સુનાવણીનો તબક્કો 7 ફેબ્રુઆરી સુધી ચાલુ રહેવાની શક્યતા છે. ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યમાં કુલ 1.5 કરોડ મતદારોને સુનાવણી માટે બોલાવવામાં આવી રહ્યા છે. તેમાંથી 90 લાખ લોકોની સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA - ARAB FMM

ભારત 31મી જાન્યુઆરીએ બીજી ભારત-આરબ વિદેશ મંત્રીઓની બેઠકનું આયોજન કરશે. આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારત અને UAE કરશે. અન્ય આરબ લીગ સભ્ય દેશોના વિદેશ મંત્રી અને આરબ લીગના મહાસચિવ બીજી ભારત-આરબ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે.

નવી દિલ્હીમાં ભારત દ્વારા આયોજિત આ પ્રથમ ભારત-આરબ વિદેશ મંત્રીઓની બેઠક છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA COMMENDS US

ગાઝા શાંતિ કરાર બીજા તબક્કામાં પ્રવેશી રહ્યો છે , ત્યારે ભારતે, સંઘર્ષને સમાપ્ત કરવાના અમેરિકાના પ્રયાસોની પ્રશંસા કરી છે.

મધ્ય પૂર્વની પરિસ્થિતિ પર સુરક્ષા પરિષદની ચર્ચામાં બોલતા , ભારતના કાયમી પ્રતિનિધિ પી હરીશે 2023માં ઇઝરાયલ પરના હુમલાઓને વખોડી આતંકવાદની ટીકા કરતાં જણાવ્યુ કે સભ્ય સમાજમાં આતંકવાદનું કોઈ સ્થાન નથી.

હરીશે ગાઝા પર નવેમ્બરના કાઉન્સિલના ઠરાવને લાગુ કરવામાં થયેલી પ્રગતિનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ભારત , લાંબા સમયથી ચાલતા મુદ્દાને ઉકેલવામાં અમેરિકાની પ્રશંસા કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# WPL CRICKET

ક્રિકેટની મહિલા પ્રીમિયર લીગમાં વડોદરામાં આજે રોયલ ચેલેન્જર બેંગલુરુ - RCB અને યુપી વોરિયર્સ વચ્ચે મેચ રમાશે.

હાલમાં, **RCB 10** પોઈન્ટ સાથે ટેબલમાં આગળ છે. ગુજરાત **8** પોઈન્ટ સાથે બીજા ક્રમે છે ,જ્યારે મુંબઈ અને દિલ્હીના **6-6** પોઈન્ટ છે. ઉત્તર પ્રદેશ **4** પોઈન્ટ સાથે સૌથી નીચે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .